**001.** એક વેબસાઇટ પરથી અન્ય વેબસાઇટ પર જવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) સર્ફિંગ　　(B) સર્ચિંગ

(C) મૂવીંગ　　(D) ફાઈન્ડિંગ

**002.** રાષ્ટ્રપતિ નીચેનામાંથી કોની નિમણૂંક કરતા નથી?

(A) ભારતનાં એટર્ની જનરલ　　(B) રાજ્યના ચીફ સેક્રેટરી

(C) સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશો　　(D) રાજ્યના રાજ્યપાલો

**003.** સાચી જોડણી દર્શાવો.

(A) પ્રતિતિ　　(B) પ્રતીતિ

(C) પ્રતિતી　　(D) પ્રતીતી

**004.** આપેલ સંખ્યાસમૂહ જેવો સંખ્યાસમૂહ આપેલ વિકલ્પોમાંથી શોધો.

23, 29, 37

(A) 13, 15, 23　　(B) 17, 21, 29

(C) 31, 37, 49　　(D) 41, 47, 53

**005.** ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં આરંભાયેલ 'સૌની' યોજના ખુલ્લી મૂકવામાં આવી તે તાલુકાનું નામ જણાવો.

(A) લાલપુર　　(B) ધ્રોળ

(C) નખત્રાણા　　(D) જોડીયા

**006.** ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ખમીરવંતા ગુજરાતીઓએ કરેલી ઐતિહાસિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને નીચેના જોડકા જોડો.

(a) સ્વતંત્રતા અખબાર　　(1) ઈમામ સાહેબ

(b) ડુંગળી ચોર　　(2) ઈચ્છારામ દેસાઈ

(c) ધરાસણામાં મીઠાનો સત્યાગ્રહ　　(3) શ્યામજી કૃષ્ણ વર્મા

(d) ધ ઈન્ડિયન હોમરૂલ સોસાયટી　　(4) મોહનલાલ પંડ્યા

(A) a-4, d-3, c-2, b-1　　(B) c-1, a-2, d-3, b-4

(C) b-4, c-1, a-3, d-2　　(D) a-3, b-1, d-2, c-4

007. 'સ્વાગત' પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના મુખ્ય પ્રધાન ક્યારે ફરિયાદીને સાંભળે છે?
(A) દર મહિનાના પ્રથમ સોમવારે (B) દર મહિનાના ચોથા ગુરુવારે
(C) દર મહિનાના ત્રીજા બુધવારે (D) દર મહિનાના બીજા શનિવારે

008. Fill in the blank.
Adjective form of enemy is ............. .
(A) enemity (B) enimical
(C) inimical (D) enimic

009. abc@gmail.com માં abc શું છે?
(A) એક્સ્ટેન્શન (B) સર્વિસ પ્રોવાઈડર
(C) હોસ્ટ નેમ (D) યુઝર નેમ

010. વિધાનસભાના અધ્યક્ષ કેવા સંજોગોમાં ગૃહમાં મતદાન કરવાનો અધિકાર ધરાવે છે?
(A) મુખ્યમંત્રી કહે તો (B) મંત્રીમંડળના હિતમાં
(C) વિપક્ષના નેતા વિનંતી કરે તો (D) સરખા મત થાય ત્યારે

011. 'પ્રકૃતિ જ મારી મા રહી છે' - વાક્યમાં ક્યું પદ 'નિપાત' છે?
(A) મા (B) રહી
(C) જ (D) છે

012. મધમાખીના વિષ (ઝેર)માં ક્યો પદાર્થ હોય છે?
(A) લાઈમ (B) કેલ્શિયમ ફોસ્ફેટ
(C) મેલીટિન (D) પેપ્સિન

013. અમદાવાદ શહેરમાં તાજેતરમાં જુલાઈ-2016માં નીકળેલ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું કેટલામું વર્ષ હતું?
(A) 138 (B) 137
(C) 139 (D) 136

014. યહુદી ધર્મના શ્રદ્ધાળુઓનું ધર્મસ્થાન 'સીનેગોગ' ગુજરાતમાં ક્યા સ્થળે આવેલ છે?
(A) આણંદ (B) અમદાવાદ
(C) પેટલાદ (D) નવસારી

015. જિલ્લા કલેક્ટર ગુજરાત સરકારના ક્યા વિભાગ હેઠળ સીધી રીતે કાર્ય કરે છે?

(A) કાયદા વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) કૃષિ વિભાગ
(D) મહેસુલ વિભાગ

016. Verb form of 'poor' is .................. .

(A) to poorise
(B) poorly
(C) to impoverish
(D) poverty

017. LAN નું પૂરું નામ શું છે?

(A) Logged Area Network
(B) Login Area Network
(C) Local Area Network
(D) Locking Area Network

018. હાલમાં ભારત સરકારની કેટલામી પંચવર્ષીય યોજના અમલમાં છે?

(A) અગીયારમી
(B) તેરમી
(C) ચૌદમી
(D) બારમી

019. આપેલ પંક્તિ ક્યા અલંકારનું ઉદાહરણ છે?
'બળતા અંગાર સમી આંખો તેણે સ્થિર કરી'

(A) ઉત્પ્રેક્ષા
(B) વ્યતિરેક
(C) ઉપમા
(D) સજીવારોપણ

020. નેનોકણનું કદ કેટલું હોય છે?

(A) 10 થી 100 nm
(B) 1 થી 100 nm
(C) 1 થી 1000 nm
(D) 1 થી 10 nm

021. નીચેના શબ્દોને અંગ્રેજી શબ્દકોશના કક્કાવારી ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) Epitaxy (2) Episode (3) Epigene (4) Epitome

(A) 1, 2, 3, 4
(B) 3, 2, 4, 1
(C) 3, 2, 1, 4
(D) 4, 2, 1, 3

**022.** ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની ઉપસ્થિતિમાં પ્રસિદ્ધ સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર ક્યારે કરવામાં આવ્યો?

(A) 1951 (B) 1949
(C) 1953 (D) 1955

**023.** ભારતમાં ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ...

(A) લોકસભાના અધ્યક્ષ બને છે.
(B) રાજ્યસભાના અધ્યક્ષ બને છે.
(C) બન્નેના અધ્યક્ષ બની શકે છે.
(D) (A), (B) અને (C) ત્રણેયમાંથી એકપણ નહીં.

**024.** Find correct spelling :

(A) perseverence (B) perseverance
(C) perseveranse (D) parseverence

**025.** માઉસના બટનને બે વખત દબાવીને છોડી દેવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) ક્લિક (B) ડબલ ક્લિક
(C) ડ્રેગીંગ (D) રાઈટ ક્લિક

**026.** ભારતમાં મ્યુનિસિપલ ગવર્નન્સ ક્યા વર્ષથી અસ્તિત્વમાં આવ્યું?

(A) 1761 (B) 1687
(C) 1681 (D) 1752

**027.** 'મોરના ઈંડા ચીતરવાં ન પડે' કહેવતનો અર્થ જણાવો.

(A) ઈંડા સુંદર ચીતરેલાં જ હોય.
(B) માતા-પિતાના સંસ્કાર - ગુણો બાળકોમાં આપોઆપ આવે છે તેને કેળવવા પડતા નથી.
(C) મોર સુંદર હોય તેથી.
(D) મોરનું ઈંડું ચીતરેલું જ હોય છે.

**028.** તાજેતરમાં ફેબ્રુઆરી - 2016માં નિમણુંક પામેલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટીસ)નું નામ જણાવો.

(A) આર. સુભાષ રેડ્ડી
(B) ભાસ્કર ભટ્ટાચાર્ય
(C) કે.એસ. રાધાક્રીશ્નન
(D) પી.એસ. આયંગર

**029.** સંગીતના સાધનો બનાવવા કઇ મિશ્રધાતુ વપરાય છે?

(A) સ્ટીલ
(B) સ્ટેઈનલેસ સ્ટીલ
(C) પિત્તળ (બ્રાસ)
(D) મેગ્નેલિયમ

**030.** ગુજરાતી ફિલ્મોના હાસ્ય અભિનેતા પી. ખરસાણીનું ગત મે, 2016માં દુઃખદ અવસાન થયું. તેમનું જન્મસ્થળ જણાવો.

(A) કલોલ
(B) રાજપીપળા
(C) વાંકાનેર
(D) તલોદ

**031.** 'નાગરિક સંરક્ષણ ધારો 1955' શા માટે ઘડાયો છે?

(A) ગુંડાઓ સમક્ષ નાગરિકના રક્ષણ માટે
(B) લશ્કરના જવાનો માટે
(C) અસ્પૃશ્યતા (ગુનાઓ) આચરણના શિક્ષાપાત્ર ગુના માટે
(D) લોકશાહીના રક્ષણ માટે

**032.** Fill in the blank.

Will you mind ............ sitting beside you ?

(A) I
(B) me
(C) mine
(D) my

**033.** કી-બોર્ડની પ્રથમ લાઈનમાં ડાબી બાજુથી જમણી બાજુની કીનો ક્રમ ક્યો હોય છે?

(A) POIUY
(B) ASDFG
(C) QWERT
(D) ZXCV

**034.** કેન્દ્ર સરકારની વહીવટી કામગીરીની સમીક્ષા સૌ પ્રથમ કોણે કરી હતી?

(A) એન. ગોપાલસ્વામી આયંગર
(B) એ.ડી. ગોરવાલા
(C) બી.આર. આંબેડકર
(D) સરદાર પટેલ

035. 'પતિયાર' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

(A) પતન
(B) પતિનો મિત્ર
(C) વિશ્વાસ
(D) પ્રમાણ

036. ઓલિમ્પિક - 2016ની રમતોમાં કુસ્તીની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતી ભારત દેશને ગૌરવ પ્રદાન કરનાર ખેલાડી સાક્ષી મલીક ક્યા રાજ્યના વતની છે?

(A) પંજાબ
(B) દિલ્હી
(C) મદ્રાસ
(D) હરિયાણા

037. ઓઝોન સ્તરનાં ભંગાણ માટે CFC શેમાંથી ઉત્પન્ન થાય છે?

(A) TV અને વોશિંગમશીન
(B) યંત્રો-મશીનરીમાંથી
(C) ફ્રીઝ અને એરકંડીશનરમાંથી
(D) a, b અને c ત્રણેયમાંથી

038. અમદાવાદ જિલ્લામાં સાત નદીઓના સંગમ સ્થળે વૌઠાનો મેળો યોજાય છે. આ સાત નદીઓમાં નીચે પૈકી કઇ નદીઓનો સમાવેશ થાય છે?

(A) સાબરમતી, શેઢી, મેશ્વો, ખારી, માઝમ, વાત્રક
(B) માઝમ, સાબરમતી, સરસ્વતી, શેઢી, માલણ, હાથમતી
(C) શેઢી, પૂર્ણા, વાત્રક, માઝમ, અંબિકા, સાબરમતી
(D) હાથમતી, કોલક, મેશ્વો, કંકાવટી, વાત્રક, શેઢી

039. પંચાયતી રાજ પ્રણાલીનો અમલ સૌ પ્રથમ ક્યા રાજ્યમાં કરવામાં આવ્યો?

(A) રાજસ્થાન
(B) દિલ્હી
(C) તામિલનાડુ
(D) કર્ણાટક

040. Match offsprings of animals:

| | | | |
|---|---|---|---|
| 1) | Ass | a) | colt/filly |
| 2) | Hare | b) | foal |
| 3) | Stag | c) | fawn |
| 4) | Horse | d) | Leveret |

(A) 1→a, 2→b, 3→c, 4→d
(B) 1→d, 2→b, 3→a, 4→c
(C) 1→b, 2→c, 3→a, 4→d
(D) 1→b, 2→d, 3→c, 4→a

041. સામાન્ય રીતે CD ની સંગ્રહ ક્ષમતા કેટલી હોય છે?

(A) 500 MB (B) 600 MB

(C) 700 MB (D) 800 MB

042. બંધારણની રીતે 'સગીર' શું દર્શાવે છે?

(A) બાળક

(B) વ્યક્તિ

(C) અઢાર વર્ષની નીચેની ઉંમર

(D) (A), (B) અને (C) ત્રણમાંથી એકપણ નહીં.

043. 'કૃતજ્ઞ' શબ્દનો સાચો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

(A) કૃતઘ્ન (B) ગરિમા

(C) કર્મઠ (D) અજ્ઞાન

044. અજય 5 km/hr ની ઝડપે ચાલીને રેલવે સ્ટેશને પહોંચે છે. તો 7 મિનિટ માટે ટ્રેન ચૂકી જાય છે. જો 6 km/hr ની ઝડપે ચાલે છે તો 8 મિનિટ વહેલો પહોંચે છે. તો સ્ટેશને પહોંચવા કેટલું અંતર કાપવું પડે?

(A) 11 km (B) 5.5 km

(C) 7.5 km (D) 6.0 km

045. મુંબઈ હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં મહિલાઓને પવિત્ર દરગાહમાં જવાની છૂટ આપવામાં આવી. આ દરગાહનું નામ જણાવો.

(A) હાજીઅલી દરગાહ (B) બોરીવલી દરગાહ

(C) કાંદીવલી દરગાહ (D) સૈયદઅલી દરગાહ

046. ગાંધીજીના પરમ મિત્ર બેરિસ્ટર જીવણલાલ દેસાઈ દ્વારા આપવામાં આવેલ અનુદાનની જમીન ઉપર શેનું નિર્માણ કરવામાં આવ્યું?

(A) કીર્તિ મંદિર (B) કોચરબ આશ્રમ

(C) વેડછી આશ્રમ (D) ગાંધી આશ્રમ

047. રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS) એ PFRDA દ્વારા અમલમાં મૂકવામાં આવી. તેનું પૂરું નામ જણાવો.
(A) પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી
(B) પેન્શન ફંડ રેગ્યુલેશન ડેવલપીંગ ઓથોરીટી
(C) પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી
(D) પેન્શન ફંડ રેગ્યુલેશન એન્ડ ડેવલપીંગ ઓથોરીટી

048. Feminine gender of 'Bachelor' is ............
(A) student (B) merried
(C) spinster (D) girl

049. CD/DVD માં ડેટા ક્યા સ્વરૂપે સંગ્રહિત હોય છે?
(A) Analog (B) Digital
(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી એકપણ નહીં

050. નાણાંકીય કટોકટી કોણ જાહેર કરી શકે?
(A) રાષ્ટ્રપતિ (B) પ્રધાનમંત્રી
(C) નાણામંત્રી (D) સંસદ

051. 'શરસંધાન કરવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.
(A) લક્ષ્ય ન મળવું (B) લક્ષ્ય સાધવું
(C) લક્ષ્ય આપવું (D) ધ્યેય સિદ્ધ ન થવું

052. સ્વાવલંબી પોષણપધ્ધતિમાં શાની જરૂરિયાત હોય છે?
(A) $CO_2$ અને પાણી (B) ક્લોરોફિલ
(C) સૂર્યપ્રકાશ (D) (A), (B) અને (C) ત્રણેય

053. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તાજેતરમાં ક્યા લેખકને 'સાહિત્ય રત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો?
(A) ભાગ્યેશ જહા (B) વિનોદ ભટ્ટ
(C) રઘુવીર ચૌધરી (D) ગુણવંત શાહ

054. 'શું શા પૈસા ચાર' એવી ગુજરાતી ભાષા માટે વપરાતી અપમાનજનક ઉક્તિથી દુઃખી થઈ ક્યા મધ્યયોગીન કવિએ ગુજરાતી ભાષાને આગળ લાવવાનો નિર્ધાર કર્યો?

(A) પ્રેમાનંદ (B) શામળ

(C) દયારામ (D) અખો

055. કેન્દ્ર સરકાર દ્વારા પંચાયતોને અનુદાન આપવાની શરૂઆત ક્યારથી થઈ?

(A) પ્રથમ નાણાં પંચથી

(B) 73 મા બંધારણ સુધારા બાદ

(C) પંચાયતોએ 1990 માં કરેલી માગણીઓ બાદ

(D) બંધારણના આરંભથી

056. Put proper article.

............ little information he had was not quite reliable.

(A) A (B) An

(C) The (D) Article not required

057. MS Office પેકેજમાં ક્યા પ્રોગ્રામનો સમાવેશ થતો નથી?

(A) Word (B) Excel

(C) Writer (D) Access

058. ભારતમાં 73 મો બંધારણીય સુધારો ક્યા વર્ષથી અમલમાં મૂકવામાં આવ્યો?

(A) 1988 (B) 1992

(C) 1990 (D) 1989

059. માત્રામેળ છંદમાં ક્યો છંદ 28 અક્ષરનો છે?

(A) હરિગીત (B) સવૈયા

(C) દોહરો (D) ચોપાઈ

060. ભારતમાં ગૃહવપરાશ માટેનાં AC વોલ્ટેજનું મૂલ્ય અને આવૃત્તિ શું છે?

(A) 110V, 60Hz (B) 110V, 50Hz

(C) 220V, 50Hz (D) 220V, 60Hz

061. શ્રેણી પૂર્ણ કરો.

10, 29, 66, 127, ..............

(A) 169 (B) 218

(C) 223 (D) 178

062. ગુજરાતમાં હરપ્પીય સંસ્કૃતિના અવશેષો પહેલા વહેલા કઈ સાલમાં પ્રાપ્ત થયેલા?

(A) ઈ.સ. 1911 (B) ઈ.સ. 1941

(C) ઈ.સ. 1927 (D) ઈ.સ. 1935

063. રાષ્ટ્રપતિ ક્યુ બિલ પાછું પણ મોકલી શકતા નથી કે સંમતિ માટે રોકી પણ શકતા નથી ?

(A) સંરક્ષણ બિલ

(B) નાણાંકીય બિલ

(C) કાયદાકીય બિલ

(D) (A), (B) અને (C) ત્રણમાંથી એકપણ નહીં

064. Fill in the blank.

Come ..............., please.

(A) hear (B) their

(C) hither (D) A and B both

065. કોઈ સોફ્ટવેરની જુની આવૃત્તિના સ્થાને તેની નવી અદ્યતન આવૃત્તિ ઉમેરવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) સ્ટોર (B) રિસ્ટોર

(C) અપગ્રેડ (D) બેકઅપ

066. સહકારી બેંકો માટેનો કાયદો 'ધ બેંકીંગ રેગ્યુલેશન' (કો-ઓપરેટીવ સોસાયટીઝ) ક્યા વર્ષમાં લાગુ કરાયો?

(A) 1968 (B) 1966

(C) 1969 (D) 1967

067. 'સૂક્તિ' શબ્દની સંધિ છૂટી પાડો.

(A) સૂ + ઉક્તિ
(B) સુ + ઉક્તિ
(C) સૂ + ઊક્તિ
(D) સ + ઊક્તિ

068. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર તરીકે નિમણૂંક પામેલ ઉર્જીત પટેલ રિઝર્વ બેંકના કેટલામા ગવર્નર છે?

(A) 23મા
(B) 24મા
(C) 22મા
(D) 21મા

069. હાઈડ્રોજન વાયુની શોધ ક્યા રસાયણશાસ્ત્રીએ કરી હતી?

(A) હેન્રી કેવેન્ડીશ
(B) લેવૉઝિયર
(C) બોઈલ
(D) હેબર

070. ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીતકાર અવિનાશ વ્યાસને 1970માં ભારત સરકાર દ્વારા ક્યો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા?

(A) પદ્મશ્રી
(B) પદ્મવિભૂષણ
(C) પદ્મભૂષણ
(D) સંગીતરત્ન

071. પબ્લિક પ્રોસીક્યુટરની નિમણૂંક કોણ કરે છે?

(A) હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(B) રાજ્ય સરકાર
(C) સેશન્સ કોર્ટ
(D) જિલ્લા કલેક્ટર

072. Fill in the blank.

Work hard ............. you should fail.

(A) so that
(B) and
(C) lest
(D) but

073. સ્વામિનારાયણ સંપ્રદાયના વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ તાજેતરમાં બ્રહ્મલીન થયા તે સ્થળનું નામ જણાવો.

(A) બોચાસણ
(B) ગઢડા
(C) સાળંગપુર
(D) ગોંડલ

074. પ્રમાણિકતાથી સોનીનો ધંધો કરતા હોવા છતાં પોતાના ઉપર બહેન અને બાદશાહ બન્નેએ અવિશ્વાસ વ્યક્ત કરતાં ખૂબજ વ્યથિત થઇ ધંધાનો ત્યાગ કરી સત્યની શોધમાં નીકળી પડેલ પ્રસિદ્ધ કવિનું નામ જણાવો.

(A) શામળ
(B) અખો
(C) પ્રેમાનંદ
(D) નર્મદ

075. ગુજરાત રાજ્યમાં વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ક્યારથી સોંપવામાં આવી ?

(A) 2004
(B) 2007
(C) 2006
(D) 2005

076. Give synonym of: 'Contemplate'

(A) Condemn
(B) Meditate
(C) Menuplate
(D) None of (A), (B) and (C)

077. કોઈપણ ફાઈલ કે ફોલ્ડરનું નામ બદલવા માટે તેના પર રાઈટ ક્લિક કરી ક્યો વિકલ્પ પસંદ કરવામાં આવે છે?

(A) Change
(B) Modify
(C) Rename
(D) Edit

078. ભારત સરકારના જાહેર સાહસો માટે 'મહારત્ન' યોજના ક્યારથી દાખલ કરવામાં આવી?

(A) 2008-09
(B) 2010-11
(C) 2012-13
(D) 2014-15

079. રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

શ્રીકૃષ્ણ માટે <u>ગિરિધર</u> શબ્દ પણ પ્રયોજાય છે.

(A) ઉપપદ
(B) તત્પુરુષ
(C) કર્મધારય
(D) દ્વિગુ

080. શરીરનાં ક્યા ભાગમાં રુધિર શુદ્ધ બને છે? ($O_2$ યુક્ત બને છે)

(A) હૃદય
(B) ફેફસાં
(C) કર્ણક
(D) ક્ષેપક

**081.** એક પરીક્ષામાં એક વિદ્યાર્થી 32% મેળવતા 20 માર્ક્સ ઓછા મળવાથી નાપાસ થાય છે. બીજા વિદ્યાર્થીને 42% માર્ક્સ મળતા, પાસ થવા માટેના લઘુત્તમ માર્ક્સ કરતા 30 માર્ક્સ વધુ મળે છે, તો કેટલા માર્ક્સની પરીક્ષા હશે?

(A) 360 (B) 400
(C) 420 (D) 500

**082.** ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ વખત 2001માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચાર્જ સંભાળ્યો ત્યારે તેઓ ક્યા વિસ્તારમાંથી ચૂંટાયા હતા?

(A) મણિનગર
(B) રાજકોટ
(C) વડોદરા
(D) (A), (B) અને (C) ત્રણેયમાંથી એકપણ નહીં

**083.** લોકસભાનું કઈ બાબત પર આધિપત્ય છે?

(A) રેલવે બજેટ (B) સંરક્ષણ (ડિફેન્સ) બજેટ
(C) વિદેશ નીતિ (D) નાણાંકીય બિલ

**084.** Give a single word for:
'A place where dead bodies are kept before burial or cremation.'

(A) Arsenal (B) Creche
(C) Asylum (D) A mortuary

**085.** MS Wordમાં પેજને ઊભું દર્શાવવા માટે ક્યા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) Landscape (B) Portrait
(C) Column (D) Row

**086.** ગુજરાત રાજ્યના ફાયનાન્સ કમિશનના વર્તમાન ચેરમેનનું નામ જણાવો.

(A) ડી. જે. પાન્ડીયન (B) નરહરિભાઈ અમીન
(C) ભરતભાઈ ગરીવાલા (D) એસ. આર. ઐયર

087. 'સરંગટ' શબ્દનો અર્થ જણાવો.

(A) ઘૂંઘટવાળી (B) શ્યામવર્ણવાળી

(C) મિથ્યાભિમાની (D) તાબે થયેલ

088. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ભારતના 70મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી ક્યા જિલ્લામાં કરવામાં આવી?

(A) પાટણ (B) રાજકોટ

(C) ગીર સોમનાથ (D) મોરબી

089. આઈન્સ્ટાઈનનું ઉર્જા-દળ સૂત્ર જણાવો.

(A) $E = \Delta mc^2$ (B) $E = cm^2$

(C) $E = \Delta mc$ (D) $E = \Delta cm^2$

090. નાટ્યકલાના આજીવન સાધક અને પોતાના અભિનય દ્વારા 'સુંદરી' બિરૂદ મેળવનાર કલાકારનું નામ જણાવો.

(A) પ્રફુલ્લભાઈ ખરસાણી (B) જયશંકર ભોજક

(C) પ્રભાશંકર ત્રિવેદી (D) અરવિંદ વૈદ્ય

091. રાષ્ટ્રપતિને અનુચ્છેદ-60 પ્રમાણે તેમના હોદ્દા માટે શપથ કોણ લેવડાવે છે?

(A) પ્રધાનમંત્રી (B) એટર્ની જનરલ

(C) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (D) વડી અદાલતના ન્યાયમૂર્તિ

092. Fill in the blank.

Go back ............... you came.

(A) where (B) thence

(C) whence (D) why

093. MS Word માં લખાણના ફોન્ટને મોટા કરવા માટે ક્યા વિકલ્પનો ઉપયોગ કરશો?

(A) Ctrl + Alt + '+' (B) Ctrl + Shift + '+'

(C) Ctrl + Alt + > (D) Ctrl + Shift + >

**094.** ભારતમાં 1954માં સ્થપાયેલ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA) ના પ્રણેતા કોણ હતા?

(A) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (B) એસ. બંગરપ્પા

(C) પં. જવાહરલાલ નહેરૂ (D) સર્વપલ્લી રાધાકૃષ્ણન

**095.** નીચે આપેલ વાક્યમાંના રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર લખો.

સ્વામીજીએ <u>આવીને</u> અહીંના સઘળા વાતાવરણને પાવન અને સુંદર બનાવી દીધો.

(A) હેત્વર્થકૃદંત (B) સંબંધક ભૂતકૃદંત

(C) ભૂતકૃદંત (D) ભવિષ્યકૃદંત

**096.** તાજેતરમાં જાપાન ખાતે રમાયેલ પાન પેસિફિક ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં વિમેન્સ ડબલ્સની જોડીમાં સાનિયા સાથે ક્યા દેશની ખેલાડી રમી હતી?

(A) જાપાન (B) ચેક-રિપબ્લિક

(C) સ્વિટ્ઝર્લેન્ડ (D) ફ્રાન્સ

**097.** રસોઈનાં નોનસ્ટિક સાધનો બનાવવા ઉપયોગી પોલિમર .......... છે.

(A) પોલિથીન (B) PVC

(C) ટેફલોન (D) પૉલિબ્યુટાડાઈન

**098.** અમદાવાદ સ્થિત વિશ્વપ્રસિદ્ધ વેદમંદિરના સ્થાપકનું નામ જણાવો.

(A) સ્વામીશ્રી વેદપ્રકાશજી મહારાજ (B) સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ

(C) સ્વામીશ્રી અખિલેશ્વરાનંદજી મહારાજ (D) સ્વામીશ્રી રવિશંકરજી મહારાજ

**099.** ગુજરાત ખાતે આવેલ આઇ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટરનું નામ જણાવો.

(A) આદિત્ય બીરલા આઇ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર

(B) એ.ડી. શોધન આઇ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર

(C) વિક્રમ સારાભાઈ આઇ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર

(D) એસ. રાજગોપાલાચારી આઇ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર

**100.** Fill in the blank.

A true ............ is one who keeps one's country's secret to oneself.

(A) confident (B) confidunt

(C) confidant (D) A conffident

101. ખાલી જગ્યા પૂરો.

તાપમાનના એકમોના રૂપાંતરણ સૂત્ર -

R = .............. × C જ્યાં, R = રૂમર (Reaumur), C = સેલ્સિયસ (Celsius)

(A) $\frac{3}{4}$ (B) $\frac{4}{5}$

(C) $\frac{2}{5}$ (D) $\frac{5}{4}$

102. ગુજરાતના સાંસ્કૃતિક વારસાને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (1) અડીકડીની વાવ | (a) પાટણ |
| (2) કાજી વાવ | (b) ભદ્રેશ્વર |
| (3) રાણકી વાવ | (c) હિંમતનગર |
| (4) દૂધિયા વાવ | (d) જૂનાગઢ |

(A) 3-a, 1-d, 2-c, 4-b (B) 4-b, 3-a, 1-c, 2-d

(C) 1-d, 2-c, 3-b, 4-a (D) 2-c, 4-b, 1-a, 3-d

103. આતંકવાદી પ્રવૃત્તિઓને અટકાવવા ઘડાયેલ (TADA) ના કાયદાનું પૂરું નામ જણાવો.

(A) Terrorist and Disruptive Activities (Prevention) Act

(B) Terrorisam and Distructive Activities (Prevention) Act

(C) Terrorism and Distruction Activities (Preventive) Act

(D) Terrorist and Disruptive Activities (Preventive) Act

104. Fill in the blank.

.................. I in his place, I would not do it.

(A) Am (B) Was

(C) Had (D) Were

105. એક જ રૂમ, બિલ્ડીંગ કે પરિસરમાં આવેલા કમ્પ્યૂટર્સને એકબીજાની સાથે જોડવા માટે ક્યા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) LAN (B) MAN

(C) WAN (D) FAN

106. "રાજ્યપાલની મુખ્ય કામગીરી રાજ્ય સરકારના ગૌરવ, સ્થિરતા તેમજ તેની સામૂહિક જવાબદારીનું રક્ષણ કરવાની છે." આ વિધાન કોનું છે?

(A) ક.મા. મુન્શી
(B) જવાહરલાલ નેહરુ
(C) બી.આર. આંબેડકર
(D) લાલબહાદુર શાસ્ત્રી

107. નીચે આપેલ વાક્યમાંથી 'નિપાત' શોધીને જણાવો.
તમારે માત્ર દસ વખત બોલવાનું છે.

(A) માત્ર
(B) વખત
(C) તમારે
(D) દસ

108. આસામ રાજ્યના નવનિયુક્ત રાજ્યપાલનું નામ જણાવો.

(A) જાનકી વલ્લભ પટનાયક
(B) જગદીશ મુખી
(C) નજમા હેપતુલ્લા
(D) બનવારીલાલ પુરોહિત

109. સામાન્ય તાપમાને (30°C થી વધુ) નીચેનામાંથી કઈ ધાતુ પ્રવાહી સ્વરૂપે મળે છે?

(A) સોડિયમ
(B) ગેલિયમ
(C) ટિન
(D) યુરેનિયમ

110. કવિ શ્રી ઉમાશંકર જોષીનું પૂરું નામ જણાવો.

(A) ઉમાશંકર નર્મદાશંકર જોષી
(B) ઉમાશંકર ભવાનીપ્રસાદ જોષી
(C) ઉમાશંકર આત્મારામ જોષી
(D) ઉમાશંકર જેઠાલાલ જોષી

111. સામાજિક ન્યાય સમિતિઓની સ્થાપના કરવાની ભલામણ કંઈ સમિતિએ કરી હતી?

(A) રિખવદાસ શાહ સમિતિ
(B) ઝીણાભાઈ દરજી સમિતિ
(C) બળવંતરાય મહેતા સમિતિ
(D) અશોક મહેતા સમિતિ

112. Fill in the blank.
He, as well as his friends, ............. to my place everyday.

(A) are coming
(B) comes
(C) come
(D) were coming

113. MS Word શરૂ કરતા પૂર્વનિર્ધારિત રીતે ફોન્ટની સાઈઝ કેટલી જોવા મળે છે?

(A) 8
(B) 10
(C) 12
(D) 14

114. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને બહાલી આપવાની પ્રથમ સત્તા કોને છે?

(A) સંસદ
(B) પ્રધાનમંત્રી
(C) વિધાનસભા
(D) રાષ્ટ્રપતિ

115. 'વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો' - વાક્યમાંનો અલંકાર જણાવો.

(A) આંતરપ્રાસ
(B) અંત્યાનુપ્રાસ
(C) વર્ણાનુપ્રાસ
(D) ઉપમા

116. જો ABCD માં A→Z, 1→26 મુજબ હોય અને AHMEDABAD = –7 તથા PALANPUR = 5 હોય તો SURENDRANAGAR = ..........

(A) –37
(B) 78
(C) 69
(D) –47

117. હવામાનની સચોટ જાણકારી મળે એ હેતુસર તા. 8 સપ્ટેમ્બર, 2016ના રોજ 'ઈસરો' દ્વારા ઉપગ્રહ છોડવામાં આવ્યો. આ ઉપગ્રહનું નામ જણાવો.

(A) GSLV - K50
(B) PSLV - C34
(C) GSLV - F05
(D) PSLV - C33

118. "હિંદ છોડો" ચળવળ સમયે પોતાના જાનની આહૂતિ આપનાર શહીદ વીર કિનારીવાલાની અમદાવાદ, ગુજરાત કોલેજ ખાતેની ખાંભીનું અનાવરણ કોના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું?

(A) વલ્લભભાઈ પટેલ
(B) મોહનદાસ ગાંધી
(C) ઈન્દુલાલ યાજ્ઞિક
(D) જયપ્રકાશ નારાયણ

119. ગુજરાતમાં મહાનગરપાલિકાઓનો વહીવટ ક્યા કાયદા હેઠળ કરવામાં આવે છે?

(A) મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારો - 1949
(B) ગુજરાત નગરપાલિકા ધારો - 1963
(C) નગર આયોજન અને વિકાસ ધારો - 1978
(D) (A), (B) અને (C) ત્રણેય

**120.** Give plural form of 'Man-servant'

(A) Man-servants (B) Men-servant

(C) Men-servants (D) Mens-servants

**121.** કી-બોર્ડમાં Delete કી પ્રેસ કરવાથી કર્સરની કઇ બાજુના અક્ષર દૂર થશે?

(A) ડાબી (B) જમણી

(C) ઉપર (D) નીચે

**122.** સંસદના કોઈપણ ગૃહમાં કોણ પ્રથમ મત આપી ન શકે?

(A) સ્પીકર

(B) ચેરમેન

(C) (A) અને (B) બન્ને

(D) (A), (B) અને (C) ત્રણેયમાંથી એકપણ નહીં.

**123.** 'એક કાંકરે બે પક્ષી મારવા' કહેવતનો અર્થ જણાવો.

(A) એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવાં

(B) કાંકરાથી બે પક્ષીનો પ્રાણ લેવો

(C) કાર્ય સિદ્ધ ન થાય માટે પથ્થર મારવો

(D) સફળતા ન મળે એટલે પક્ષીને મારવા

**124.** સૂર્યગ્રહણ વખતે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર કઇ સ્થિતિએ હોય છે?

(A) સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી હોય (B) પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર હોય

(C) પૃથ્વી અને ચંદ્ર વચ્ચે સૂર્ય હોય (D) (A), (B) અને (C) ત્રણેય સ્થિતિમાં

**125.** બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂંક કરવામાં આવી?

(A) રાજીવ શુક્લા (B) રવિ શાસ્ત્રી

(C) અનુરાગ ઠાકુર (D) વિશ્વેશ પ્રધાન

126. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) પન્નાલાલ પટેલ — (1) ગંગોત્રી
(b) ઝવેરચંદ મેઘાણી — (2) તુલસીક્યારો
(c) ઉમાશંકર જોષી — (3) રાઈનો પર્વત
(d) રમણભાઈ નીલકંઠ — (4) મળેલા જીવ

(A) b-4, c-3, d-2, a-1
(B) d-3, b-2, c-1, a-4
(C) a-2, d-1, b-3, c-4
(D) c-2, a-3, d-1, b-4

127. "અપરાધના પ્રમાણમાં દંડ હોવો જોઈએ" એમ કોણે કહ્યું છે?

(A) મનુ
(B) પરાશર
(C) કૌટિલ્ય
(D) બૃહસ્પતિ

128. Fill in the blank.

He has been living in Bombay ............ last ten years.

(A) for
(B) by
(C) since
(D) before

129. Thesaurus માટેની શોર્ટકટ કી કઈ છે?

(A) F7
(B) Ctrl + F7
(C) Shift + F7
(D) Alt + F7

130. TRAI ની સ્થાપના ક્યારે થઈ?

(A) 1999
(B) 1991
(C) 1992
(D) 2002

131. 'નિયતિ' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

(A) નીતિ
(B) સ્તુતિ
(C) નિમિત્ત
(D) ભાગ્ય

132. પુખ્ત મનુષ્યમાં નાના આંતરડાની લંબાઈ લગભગ ............ છે.

(A) 4.5 m
(B) 1.5 m
(C) 3.5 m
(D) 6.5 m

133. એક વેપારીએ શર્ટ 10% નફાથી વેચ્યું. જો તેણે તે શર્ટ 5% ઓછી કિંમતે ખરીદ્યું હોત અને વેચાણ કિંમત 56/- વધુ લીધી હોત તો 25% નફો થયો હોત, તો શર્ટની ખરીદ કિંમત કેટલી હોય?

(A) 600
(B) 625
(C) 640
(D) 645

134. મહેસાણા જિલ્લા ખાતે આવેલ વડનગરનું પ્રાચીન નામ જણાવો.

(A) આનંદનગર
(B) વડાદરા
(C) વડુથલ
(D) આનંદપુર

135. સંસદના ઉપલા ગૃહને ............ કહે છે.

(A) લોકસભા
(B) રાજ્યસભા
(C) વિધાનસભા
(D) (A), (B) અને (C) ત્રણેયમાંથી એકપણ નહીં.

136. Put proper question tag :

They seldom come here, ................. ?

(A) don't they
(B) are they
(C) did they
(D) do they

137. કમ્પ્યુટરમાં એક અક્ષરનો સંગ્રહ કરવા માટે કેટલા બીટનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) 1
(B) 4
(C) 8
(D) 16

138. ભારતમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજની ભલામણ કોણે કરી હતી?

(A) અશોક મહેતા સમિતિ
(B) બળવંતરાય મહેતા સમિતિ
(C) ઝીણાભાઈ દરજી સમિતિ
(D) રિખવદાસ શાહ સમિતિ

139. 'સર્જન' શબ્દનો સાચો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

(A) સંસ્કારી
(B) ડૉક્ટર
(C) લીલા
(D) સંહાર

140. ગાયના સંવર્ધન માટે ગુજરાત સરકારે ક્યા સ્થળે નવી 'કાઉસેંચુરી' શરૂ કરવાનો નિર્ણય કર્યો?

(A) અમરેલી (B) પોરબંદર

(C) દેવભૂમિ-દ્વારકા (D) મોરબી

141. ઠંડા પ્રદેશોમાં વહાણો વાતાવરણમાં અધવચ્ચે તરતા હોય તેવો ભાસ થાય છે. આ ઘટના કઈ છે?

(A) મરીચિકા (B) વક્રીભવન

(C) લૂમિંગ (D) વિભાજન

142. મહુડી ખાતેના પવિત્ર ઘંટાકર્ણ મહાવીર સ્વામીના જૈન મંદિરના સ્થાપકનું નામ જણાવો.

(A) ધર્મસાગરસુરીશ્વરજી મ.સા. (B) વિદ્યાસાગરસુરીશ્વરજી મ.સા.

(C) યુગભૂષણસુરીશ્વરજી મ.સા. (D) બુદ્ધિસાગરસુરીશ્વરજી મ.સા.

143. દેહાંતદંડની સજા માફ કરવાની સત્તા ફક્ત ............... ને હોય છે.

(A) રાષ્ટ્રપતિ (B) સુપ્રિમ કોર્ટના જજને

(C) પ્રધાનમંત્રી (D) (A), (B) અને (C) ત્રણેયને

144. Who taught you French ? (Change the voice)

(A) By whom were you taught French?

(B) Who was taught French by you?

(C) By whom was French tought to you?

(D) Whom did you teach French?

145. USB નું પૂરું નામ શું છે?

(A) Universal Source Bus (B) Universal Serial Bus

(C) Universal Section Bus (D) Universal Socket Bus

146. તપાસ પંચ ધારો ક્યારે ઘડવામાં આવ્યો?

(A) 1948 (B) 1956

(C) 1952 (D) 1962

147. રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો.

"બે પાંદડે થવું"

(A) આર્થિક સ્થિતિ સારી થવી
(B) પાંદડા બે થવા
(C) એકના બે થઇ જવું
(D) બેમત ના હોવું

148. સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાનો "બાલ સાહિત્ય પુરસ્કાર - 2016" કોને આપવાની જાહેરાત કરવામાં આવી?

(A) હરિકૃષ્ણ પાઠક
(B) રૂષિરાજ જાની
(C) પુષ્પા અંતાણી
(D) ધીરુબેન પટેલ

149. ઓઝોન સ્તરના કુલ ઘટાડાના 80% ઘટાડો કરતું મુખ્ય અગત્યનું સંયોજન ક્યું છે?

(A) ક્લોરાઇડ આયન
(B) સલ્ફર આયન
(C) ક્લોરોફ્લોરો કાર્બન
(D) મેગ્નેશિયમ આયન

150. ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ એવોર્ડ પુરસ્કૃત મનુભાઈ પંચોળી દ્વારા કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી?

(A) લોકવિચાર મંચ
(B) લોકભારતી
(C) લોકવાણી
(D) લોકઅમૃત

151. વિધાનસભા ચાલુ ના હોય ત્યારે કોણ વટહુકમ બહાર પાડે છે?

(A) મુખ્યમંત્રી
(B) રાજ્યપાલ
(C) વિધાનસભાના અધ્યક્ષ
(D) રાષ્ટ્રપતિ

152. Change the degree:

'He plays better than Rohan'

(A) Rohan plays as well as he.
(B) Rohan does not play so well as he.
(C) He does not play so good as Rohan
(D) Rohan plays as good as he.

153. SMPS નું પૂરું નામ શું છે?

(A) Switched Model Power Supply
(B) Switched Markup Power Supply
(C) Switched Mode Power Supply
(D) Switched Modular Power Supply

**154.** બંધારણના ક્યા અનુચ્છેદ પ્રમાણે ચૌદ વર્ષની નીચેની વયના બાળકને કારખાનામાં જોખમકારક કામ માટે રાખી શકાય નહીં?

(A) અનુચ્છેદ 24 પ્રમાણે
(B) અનુચ્છેદ 21 પ્રમાણે
(C) અનુચ્છેદ 26 પ્રમાણે
(D) આવી કોઈ જોગવાઈ નથી

**155.** નીચેની પંક્તિનો છંદ ઓળખાવો.

નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુ માન;
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

(A) દોહરો
(B) ચોપાઈ
(C) હરિગીત
(D) સવૈયા

**156.** યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

Bucket : Actvbdjldfsu :: Bonus : ...............

(A) Acmnmotvrt
(B) Sunob
(C) Acnpmotvrt
(D) Acmnmoturt

**157.** ગુજરાત રાજ્યમાં હાલમાં કેટલામી વિધાનસભા કાર્યરત છે?

(A) 12મી
(B) 15મી
(C) 14મી
(D) 13મી

**158.** ભૂચર મોરીની લડાઈ ક્યા ગામ પાસે થઇ હતી?

(A) લાલપુર
(B) ખંભાળિયા
(C) પડધરી
(D) ધ્રોલ

**159.** ભારતમાં સામાન્ય રીતે જાહેર-ખાનગી ભાગીદારી ક્યા ક્ષેત્ર માટે અસ્તિત્વમાં આવી છે?

(A) અસંગઠિત ક્ષેત્ર
(B) ખેતી
(C) ઉદ્યોગ ક્ષેત્ર
(D) માળખાગત સવલતો

**160.** Make exclamatory sentence:

'It is a great pity.'

(A) What a pity !
(B) What a great pity is it !
(C) How pity is it !
(D) How great it is !

161. નીચેનામાંથી કઈ સુવિધાનો ઉપયોગ કરીને કમ્પ્યૂટરમાં રહેલી ટેમ્પરરી ફાઈલને દૂર કરી શકાય છે?

(A) Disk Cleanup
(B) Clean Disk
(C) Disk Eraser
(D) Disk Clear

162. ભારતમાં એટર્ની જનરલની નિમણૂંક માટે શું હોવું જરૂરી છે?

(A) પાંચ વર્ષ - વડી અદાલતના ન્યાયાધીશ
(B) 10 વર્ષનો જિલ્લા અદાલતમાં વકીલાતનો અનુભવ
(C) 10 વર્ષનો વડી અદાલતમાં વકીલાતનો અનુભવ
(D) (A) અને (C) બન્ને હોવા જોઈએ

163. સંધિ જોડો.

સુ + અલ્પ

(A) સુઅલ્પ
(B) સ્વલ્પ
(C) સ્વાલ્પ
(D) સ્વલપ

164. રેશમી કાપડ બનાવવા માટે રેશમનાં કીડા ઉછેરને શું કહે છે?

(A) એપિકલ્ચર
(B) હોર્ટિકલ્ચર
(C) સેરીકલ્ચર
(D) એગ્રીકલ્ચર

165. નવું ફોલ્ડર બનાવતાં પૂર્વનિર્ધારિત રીતે તેને ક્યુ નામ આપવામાં આવે છે?

(A) Untitled Folder
(B) New Folder
(C) Blank Folder
(D) Win Folder

166. સનદી સેવા ''પક્ષથી પર'' હોવી જોઈએ અને ''રાજકીય ગણતરીઓ લઘુતમ હોવી જોઈએ'' એવું કોણે કહ્યું છે?

(A) બી. આર. આંબેડકર
(B) જગજીવનરામ
(C) જવાહરલાલ નેહરુ
(D) સરદાર પટેલ

167. સંધિ જોડો.

સિન્ધુ + ઊર્મિ

(A) સિંધુઊર્મિ
(B) સિંધઊર્મિ
(C) સિંધુઉર્મી
(D) સિન્ધૂર્મિ

168. તાજેતરમાં ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી તરીકે નિમણૂંક પામેલ અધિકારીનું નામ જણાવો.

(A) જે. એન. સિંહ
(B) જે. જી. અલોરિયા
(C) કે. કૈલાસનાથન
(D) કે. શ્રીનિવાસ

169. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) તત્વોના ગુણધર્મો તેમના પરમાણુભારના આવર્તનીય છે. ''આવર્તનિયમ'' | (1) નિલ્સ બૉહર |
| (b) જીવવિજ્ઞાનમાં વર્ગીકરણના પિતા તરીકેનું બિરૂદ પામેલા | (2) ડૉ. સી. વી. રામન |
| (c) પ્રકાશના પ્રકિર્ણનના કાર્ય માટે સર્વોચ્ચ પુરસ્કાર મેળવનાર | (3) કાર્લ લિનિયસ |
| (d) તત્વના પરમાણુમાં કેન્દ્રની આસપાસ ઈલેક્ટ્રોનની ગોઠવણી દર્શાવનાર | (4) મેન્ડેલિફ |

(A) d-1, b-3, c-2, a-4
(B) b-2, a-1, d-3, c-4
(C) c-3, d-4, a-1, b-2
(D) a-2, b-3, d-1, c-4

170. કચ્છના રાપર ખાતે ક્યો લોકમેળો ભરાય છે?

(A) જખનો મેળો
(B) ચિત્રવિચિત્રનો મેળો
(C) રવેચીનો મેળો
(D) રાપરદેવનો મેળો

171. ''ગ્રામ પંચાયત અને ગ્રામ સભા વચ્ચેનો સંબંધ પ્રધાનમંડળ અને વિધાનસભા જેવો હોવો જોઈએ'' - આ વિધાન કોનું છે?

(A) મહાત્મા ગાંધી
(B) જયપ્રકાશ નારાયણ
(C) સરદાર પટેલ
(D) વિનોબા ભાવે

172. Fill in the blank.

Everybody likes his ...................... simplicity.

(A) childist
(B) childish
(C) childlike
(D) childs

173. MS Wordમાં ફોન્ટ અને ફોન્ટ સાઈઝ બદલવા માટે ક્યા ટૂલબારનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) સ્ટાન્ડર્ડ ટૂલબાર
(B) ફોર્મેટીંગ ટૂલબાર
(C) ફોન્ટ ટૂલબાર
(D) ટેક્સ્ટ ટૂલબાર

174. FIR નું પૂરું નામ શું છે?

(A) First Investigation Report
(B) First Information Report
(C) First Information Record
(D) First Investigation Record

175. નીચે આપેલા સમાસ અને તેના પ્રકારમાંથી ક્યો સાચો છે?

(A) નખશિખ-બહુવ્રીહિ
(B) પંકજ-તત્પુરુષ
(C) ટાઈમટેબલ-દ્વન્દ્વ
(D) ત્રિકાળ-ઉપપદ

176. Fill in the gap.

Car : Garage :: Aeroplane : ....................

(A) Port
(B) Depot
(C) Hangar
(D) Harbour

177. ઓલમ્પિક-2016માં ભારતની પુસાર્લા વેંકટા સિંધુએ મહિલા બેડમિંટન સિંગલ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો. આ સ્પર્ધામાં તેના પ્રતિસ્પર્ધી ખેલાડી કેરોલિના મરીન ક્યા દેશના રમતવીર છે?

(A) આર્જેન્ટિના
(B) સ્પેન
(C) અમેરિકા
(D) બ્રાઝીલ

178. ક્રાન્તિવીર સરદારસિંહ રાણાનું જન્મસ્થળ જણાવો.

(A) લીમડી
(B) ઉના
(C) ખંભાત
(D) દીવ

179. 74મા બંધારણ સુધારા અનુસાર શાની રચના કરવાનું જણાવાયું?

(A) ગ્રામ સભા
(B) વોર્ડ સમિતિ
(C) સામાજિક ન્યાય સમિતિ
(D) (A), (B) અને (C) ત્રણેય

180. Fill in the blank.

Our freedom fighters had .................... many hardships.

(A) born
(B) borne
(C) bourn
(D) bourne

181. નીચેનામાંથી ક્યો વિકલ્પ ઈ-મેઈલ ક્લાયન્ટનું ઉદાહરણ દર્શાવે છે?

(A) Internet Express
(B) Outlook Express
(C) Web Express
(D) Email Express

182. કોર્ટ તહોમતદારના વધુમાં વધુ કેટલા દિવસના રીમાન્ડ એકસાથે મંજૂર કરી શકે?

(A) 15 દિવસ
(B) 7 દિવસ
(C) 10 દિવસ
(D) 14 દિવસ

183. 'વૈખરી' શબ્દનો અર્થ જણાવો.

(A) નાહકની વહોરેલી પીડા
(B) અસ્ત વ્યસ્ત પડેલો ઘરનો સામાન
(C) વણસેલા સંબંધો
(D) સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી

184. તારાઓમાં કઈ પ્રક્રિયાને લીધે વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન થતાં તેઓ સ્વયંપ્રકાશિત છે?

(A) ન્યુક્લિયર સંલયન
(B) કોસ્મિક
(C) ન્યુક્લિયર વિખંડન
(D) સુપરનોવા

185. તાજેતરમાં કેન્દ્ર સરકારે પસાર કરેલ ઐતિહાસિક 'GST' બિલનું પૂરું નામ જણાવો.

(A) Goods Sales Tax
(B) Goods and Service Tax
(C) Goods Service Tax
(D) Goods and Sales Tax

186. પ્રસિદ્ધ કાવ્ય "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે." ના સર્જકનું નામ જણાવો.

(A) રમણભાઈ નીલકંઠ
(B) આનંદશંકર ધ્રુવ
(C) મણિલાલ નભુભાઈ
(D) સ્વામી આનંદ

187. ભારતના બંધારણમાં ક્યા હોદ્દાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી?

(A) વિધાનસભાના અધ્યક્ષ
(B) રાજ્યપાલ
(C) મુખ્યમંત્રી
(D) નાયબ મુખ્યમંત્રી

188. Fill in the blank.

I shall punish you .................... you confess your fault.

(A) if
(B) whether
(C) unless
(D) but

189. Modemનું પૂરું નામ શું છે?

(A) Modul Demodul
(B) Modular Demodular
(C) Modulator Demodulator
(D) Modulation Demodulation

190. માહિતી અધિકાર ધારો ભારતની સંસદે ક્યારે પસાર કર્યો?

(A) તા. 3-10-2005
(B) તા. 15-6-2005
(C) તા. 12-10-2005
(D) તા. 31-12-2005

191. નીચે આપેલ વાક્યમાંના રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.

<u>લખવું વાંચવું</u> એ કંઇ કેળવણી નથી.

(A) વિધ્યર્થકૃદંત
(B) સંબંધકકૃદંત
(C) ભવિષ્યકૃદંત
(D) વર્તમાનકૃદંત

192. ................ ને ભારતમાં આધુનિક લીલવિદ્યાના પિતા કહેવામાં આવે છે.

(A) પ્રોફેસર તલસાણે
(B) પ્રોફેસર આયંગર
(C) પ્રકૃતિવિદ્ લિનિયસ
(D) પ્રોફેસર થિઓ ફેસ્ટસ

193. એક શાળામાં 1440 વિદ્યાર્થીઓમાં છોકરા અને છોકરીઓનું પ્રમાણ 7:5 છે. ઓછામાં ઓછી કેટલી નવી છોકરીઓ જોડાય તો છોકરા છોકરીઓનું પ્રમાણ 7 : 6 થાય?

(A) 120
(B) 60
(C) 180
(D) 720

194. મોગલ સલ્તનતના ક્યા રાજા દ્વારા ગુજરાતમાં જજિયા વેરો (જિઝયા વેરો) નાંખવામાં આવ્યો હતો?

(A) ઔરંગઝેબ (B) મુઝફ્ફર શાહ

(C) અકબર (D) અલાઉદ્દીન ખીલજી

195. ભારતીય બંધારણની 370મી કલમ કોના દ્વારા તૈયાર કરવામાં આવી હતી?

(A) ટી. એન. સત્યપંથી (B) આર. કે. સુબ્રમણ્યમ

(C) એન. ગોપાલાસ્વામી આયંગર (D) એસ. ચેન્નારેડ્ડી

196. Select Past Tense form of 'to tread'

(A) trode (B) trod

(C) troden (D) trodden

197. ઇ-મેઇલ એડ્રેસમાં હોસ્ટ નેમ પછી કયું ચિહ્ન મૂકવામાં આવે છે?

(A) @ (B) .

(C) $ (D) *

198. ગુજરાતમાં મહાનગરપાલિકાને મોબાઇલ ટાવર ઉપર વેરો નાખવાની સત્તા ક્યારે આપવામાં આવી?

(A) 2012 (B) 2011

(C) 2009 (D) 2014

199. સાચી જોડણી દર્શાવો.

(A) યુનિવર્સિટી (B) યુનીવર્સીટી

(C) યૂનીવર્સિટી (D) યુનિવર્સીટી

200. ભારતીય રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના નવનિયુક્ત કોચનું નામ જણાવો.

(A) અનિલ કુમ્બલે (B) અનુરાગ ઠાકુર

(C) રવી શાસ્ત્રી (D) સુનિલ ગાવસ્કર